## (1) પી.એમ. સ્વનિધિ યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજનાનું પૂરુંનામ પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ છે.
(2) આ યોજના શ્રમ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવી છે.
(3) આ યોજના હેઠળ ફેરીયાઓ તથા નાના દુકાનદારોને બેરોજગારીનું ભથ્થું આપવામાં આવશે.
(4) આ યોજના ડિસેમ્બર, 2020 સુધી સક્રિય રહેશે.

(A) માત્ર (1) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય દ્વારા પી.એમ. સ્વનિધિ **(PM SVANIDHI)** યોજના લોન્ચ કરવામાં આવી છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ યોજનાનું પૂરુનામ પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ યોજના દ્વારા ફેરિયાઓ લારીવાળાઓ અને કાપડ–કપડાં વાળંદ, ધોબી વગેરે જેવી વસ્તુ કે સેવા સાથે સંકળાયેલ લોકોને લાભ મળી શકશે.

⇛ આ યોજના હેઠળ લાભાર્થીઓને રૂ. **10,000** સુધીની લોન આપવામાં આવશે. આ માટે કોઈ જામીનની જરૂર રહેશે નહીં. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ આ યોજના માર્ચ, **2022** સુધી સક્રિય રહેશે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) SPIC MACAY વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Society for the Promotion of Indian Classical Music and Culture Amongst Youth છે.
(2) તેની સ્થાપના વર્ષ 1977માં કરવામાં આવી હતી.
(3) તેને રાષ્ટ્રીય સ્તર પર સંસ્કૃતિ મંત્રાલય, યુવા કાર્ય અને રમત–ગમત મંત્રાલય તથા માનવ સંસાધન વિકાસ મંત્રાલય તરફથી સપોર્ટ મળે છે.
(4) તે એક પ્રકારની વિદ્યાર્થી મુવમેન્ટ (આંદોલન) છે.

(A) માત્ર (2) અને (3) (B) માત્ર (1) અને (3)
(C) માત્ર (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી એ SPIC MACAYની આંતરરાષ્ટ્રીય પરિષદમાં વિડિયો કોન્ફરન્સ થકી ઉદ્દબોધન કરેલું છે.
⇛ SPIC MACAYનું પૂરુંનામ Society for the Promotion of Indian Classical Music and Culture Amongst Youth છે. (આથી, વિધાન (1) સાચું છે.)
⇛ તે એક બિન–રાજકીય, રાષ્ટ્રીય, સ્વૈચ્છિક આંદોલન છે જેની સ્થાપના વર્ષ 1977માં ડો. કિરણ શેઠ દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) સાચું છે.)
⇛ તે એક ભાગીદારી વિદ્યાર્થી મુવમેન્ટ છે જેની નોંધણી સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ કરવામાં આવેલી છે. (આથી, વિધન (4) સાચું છે.)
⇛ તેનો હેતુ ભારતીય વારસા વિશે જાગૃતતા કેળવી શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવાનો છે.
⇛ તેને રાષ્ટ્રીય સ્તરે 3 મંત્રાલયો દ્વારા સપોર્ટ મળેલ છે.
- સંસ્કૃતિ મંત્રાલય
- યુવા કાર્ય અને રમત–ગમત મંત્રાલય
- માનવ સંસાધન વિકાસ મંત્રાલય

(આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) અરબી સમુદ્ર તથા ચક્રવાતો વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) અરબી સમુદ્રમાં બંગાળની ખાડી કરતાં પ્રમાણમાં ઓછા ચક્રવાતો જોવા મળે છે.

(2) અરબી સમુદ્રમાં ઓછાં પરંતુ વધુ મજબૂત ચક્રવાતો જોવા મળે છે.

(3) વાયુ, હિક્કા, ક્યાર, મહા અને પવન અરબી સમુદ્રના ચક્રવાતો છે.

(4) વર્ષ 2019માં અરબી સમુદ્રમાં બંગાળની ખાડી કરતાં વધુ ચક્રવાતો જોવા મળેલાં હતાં.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ બંગાળની ખાડીમાં સામાન્ય રીતે વધુ ચક્રવાતો જોવા મળે છે જ્યારે ભારતના પશ્ચિમી તટ અર્થાત્ અરબી સમુદ્રમાં પ્રમાણમાં ઓછાં ચક્રવાતો જોવા મળે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ઉપરાંત અરબી સમુદ્ર કરતાં બંગાળની ખાડીના ચક્રવાતો વધુ મજબૂત પણ હોય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ માટેનું કારણ છે કે અરબી સમુદ્રનું પાણી બંગાળની ખાડી કરતાં પ્રમાણ ઠંડું હોય છે.

⇛ અરબી સમુદ્ર માટે 2019નું વર્ષ અસામાન્ય રહ્યું છે. છેલ્લા 100 વર્ષ કરતાં 2019માં વધુ ચક્રવાતો અને વધુ તીવ્ર ચક્રવાતી પ્રક્રિયાઓ અહીં જોવા મળી છે.

⇛ વર્ષ 2019માં અરબી સમુદ્રમાં 5 ચક્રવાતો (વાયુ, હિક્કા, ક્યાર, મહા અને પવન) જોવા મળ્યા હતાં જ્યારે બંગાળની ખાડીમાં 3 ચક્રવાતો (પાબુક, ફની, બુલબુલ) જોવા મળ્યા હતાં. (આથી, વિધાન (3) અને (4) સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) 'અલ્ટ્રા સ્વચ્છ' એકમ માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ દ્વારા તેને વિકસાવવામાં આવેલ છે.
(2) તેના દ્વારા PPE કિટનું ડિસ્ઈન્ફેકશન પણ કરી શકાય છે.
(3) તેમાં ઓઝોનેશન નામની પ્રક્રિયાનો ઉપયોગ થાય છે.
(4) તેમાં એક કેટાલીસ્ટ કન્વર્ટર પણ હોય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ **DRDO** (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) દ્વારા એક ડિસ્ઈન્ફેકશન એકમ બનાવવામાં આવેલ છે. જેને 'અલ્ટ્રા સ્વચ્છ' નામ આપવામાં આવેલું છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ આ એકમ દ્વારા **PPE** કિટ, ઈલેકટ્રોનિક ઉપકરણો, કપડાની વસ્તુઓ વગેરેનું ડિસ્ઈન્ફેકશન કરી શકાય છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ સિસ્ટમ એડવાન્સ ઓકિસડેટીવ પદ્ધતિનો ઉપયોગ કરે છે જેને ઓઝોનેશન તરીકે ઓળખવામાં આવે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ આ પ્રક્રિયામાં ઓકિસજનના એક સ્વરૂપ દ્વારા વિવિધ સેન્દ્રિય ઘટકો તથા સૂક્ષ્મ જીવાણુ પર એટેક કરવામાં આવે છે.

⇛ વાતાવરણ મૈત્રીક ઉત્સર્જન માટે તેમાં એક કેટાલીસ્ટ કન્વર્ટર પણ છે. આથી, ઉત્સર્જન સ્વરૂપે માત્ર પાણી અને ઓકિસજન જ બહાર નિકળે છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) લઘુ વન પેદાશ (માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યુશ-MFP) યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજનાના અમલીકરણ માટે જનજાતી કાર્ય મંત્રાલય જવાબદાર છે.

(2) લઘુ વન પેદાશ માટેની MSP (મિનિમમ સપોર્ટ પ્રાઈસ) નક્કી કરવા માટે TRIFEDની સહાય લેવામાં આવે છે.

(3) આ યોજનામાં સપ્લાય ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ સમાવેશ થાય છે.

(4) વાંસ (બાંબુ)નો પણ લઘુ વન પેદાશમાં સમાવેશ થાય છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (4)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં જનજાતી કાર્ય મંત્રાલય દ્વારા 23 નવી પેદાશોને લઘુ વન પેદાશ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આથી, MFPમાં સમાવિષ્ટ કુલ પેદાશોની સંખ્યા 73 થઈ છે.

⇛ આ યોજના 2013થી અમલમાં છે.

⇛ આ યોજનાનું અમલીકરણ તથા તેની દેખરેખ જનજાતી કાર્ય મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ MFP માટે MSP જનજાતી કાર્ય મંત્રાલય દ્વારા જ જાહેર કરવામાં આવે છે જે નક્કી કરવા માટે TRIFED સંસ્થાની ટેક્નીકલ મદદ લેવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ યોજનામાં પ્રાથમિક વેલ્યુ એડિસનની સાથે સપ્લાય ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ સમાવેશ થાય છે. દા.ત. કોલ્ડ સ્ટોરેજ, વેરહાઉસ વગેરે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વાંસ, મધ, મીણ, લાખ, તેંદુના પાંદડા, વન તુલશીના બિજ, મશરૂમ વગેરેનો લઘુ વન પેદાશમાં સમાવેશ થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT